Date:- 17-09-2024

Gujarat Samachar, Page-06, Surat

<u>ગાંધીનગર મેટ્રો રેલથી સંકળાયું</u>

# મોદીએ મેટ્રોમાં ગાંધીનગર સેક્ટર-૧થી ગિફ્ટ સિટીની સફર કરી

ગાંધીનગર, સોમવાર

ગુજરાતના પાટનગર ગાંધીનગરને મેટ્રોરેલની સુવિધા મળી છે. અમદાવાદના મોટેરાથી ગાંધીનગરના સેક્ટર-૧ અને શાખા લાઈન ગિફ્ટ સિટીની મેટ્રોરેલનો વડાપ્રધાન નરન્દ્ર મોદીએ લીલીઝંડી આપી પ્રારંભ કરાવ્યો છે. આ તબક્કે તેમણે મુસાફરો સાથે સંવાદ પણ કર્યો હતો.

## મુસાફરી દરમ્યાન વડાપ્રધાને ગાંધીનગરની સ્કૂલ-કોલેજના ૧૧ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો, રાજ્યપાલ-CM સાથે રહ્યાં

વડાપ્રધાને અમદાવાદ મેટ્રોરેલના બીજા તબક્કાનો પ્રારંભ કરાવ્યો છે. શહેરના સેક્ટર-૧ ખાતે આવેલા મેટ્રો સ્ટેશનથી તેઓ મેટ્રોરેલમાં બેસીને ગિફ્ટ સિટી સુધી ગયા હતા. વિવિધ સ્ટેશનો પર મોદીનું લોકોએ અભિવાદન પણ કર્યું હતું. તેમણે ટ્રેનમાં સફર કરી રહેલા સ્કૂલ-કોલેજના ૧૧ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલ અને મુખ્યમંત્રી તેમની સાથે જોડાયેલા હતા.

પીડીઈયુના એક વિદ્યાર્થી વોલસી ચૌધરીએ જણાવ્યું હતું કે ૨૦૧૫થી જેની રાહ જોઈ રહ્યાં હતા તે સુવિધા આજે શરૂ થઈ છે. લોકાર્પણ પ્રસંગે વડાપ્રધાન અમારી સાથે રહ્યાં તેનો આનંદ છે. આ જ કોલેજમાં અભ્યાસ કરતી મૂળ કર્ણાટકની જાહન્વી અરકેરીએ કહ્યું હતું કે હું જ્યારે ગાંધીનગર પ્રથમવાર આવી ત્યારે મેટ્રોરેલના પાયા નંખાયા હતા અને આજે હું તેના ઉદઘાટનની સાક્ષી બની છું.

વડાપ્રધાને મોટેરાથી ગાંધીનગર વચ્ચેના ૨૦.૮ કિલોમીટરના કોરિડોરનું લોકાર્પણ કર્યું છે. આ કોરિડોરમાં કુલ આઠ સ્ટેશનો આવેલા છે. મુસાફરો માટે ૧૭મી સપ્ટેમ્બરથી મેટ્રોરેલ શરૂ થશે. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૫૩૮૪ કરોડ રૂપિયા થયો છે. ગાંધીનગરના બીજા તબક્કામાં આ રેલ્વે અક્ષરધામ, સચિવાલય, વિવિધ સેક્ટરો અને મહાત્મા મંદિર સુધી જશે. આ લાઈન પર હાલ કામ ચાલી રહ્યું છે.